# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**નડિયાદમાં મધરાતે 'શિકારી'નો ફફડાટ | વસંત વિહાર સોસાયટીમાં પાંજરું ગોઠવી વનવિભાગે દીપડાને આબાદ ઝડપ્યો**

# નડિયાદના પીપલગના પોશ વિસ્તારમાં દીપડો પાંજરે પુરાયો

**સ્થાનિકોમાં** બીજો દીપડાની હાજરીની અસમંજસતાને કારણે ભયનો માહોલ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.12

નડિયાદના પીપલગની વસંત વિહાર સોસાયટીમાં દીપડો દેખાતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. વનવિભાગની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી વ્યૂહાત્મક રીતે પાંજરું ગોઠવી દીપડાને સુરક્ષિત રીતે કેદ કરી લેતા મોટી દુર્ઘટના ટળી છે. હાલ વનવિભાગ દ્વારા આ વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ અને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

નડિયાદના પીપલગ વિસ્તારમાં દીપડો દેખાવાની ઘટનાએ વહીવટી તંત્ર અને સ્થાનિક રહીશોમાં દોડધામ મચાવી દીધી હતી. વસંત વિહાર સોસાયટીમાં દીપડો લટાર મારતો હોવાની જાણ થતા જ લોકોએ ઘરના બારી-બારણાં બંધ કરી દીધા હતા. વનવિભાગને જાણ કરવામાં આવતા અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને દીપડાને પકડવા માટે કવાયત હાથ ધરી હતી. વનકર્મીઓએ સોસાયટીના પરિસરમાં યોગ્ય સ્થળે મારણ સાથેનું પાંજરું ગોઠવ્યું હતું, જેમાં આખરે દીપડો આબાદ રીતે ફસાઈ ગયો હતો. આ કામગીરી બાદ સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો, પરંતુ આ વિસ્તાર શહેરી વસવાટની ખૂબ જ નજીક હોવાથી વનવિભાગ માટે પણ આ એક પડકારજનક સ્થિતિ સાબિત થઈ છે. ગામના રહીશોમાં હજુ પણ ફાળ છે કારણ કે તેમનું માનવું છે કે અહીં એક નહીં પણ બે દીપડા હોઈ શકે છે. ગ્રામજનોની રજૂઆતને પગલે વનવિભાગે તપાસના ચક્રો ગતિમાન રાખ્યા છે. પકડાયેલા દીપડાને હાલ વનવિભાગના કેન્દ્ર પર ખસેડીને તેનું સ્વાસ્થ્ય પરીક્ષણ કરવાની કામગીરી હાથ ધરાઈ છે. આ પ્રાણી જંગલ વિસ્તાર છોડીને છેક નડિયાદ શહેરની સરહદ સુધી કઈ રીતે પહોંચ્યું તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.

વનવિભાગે લોકોને અપીલ કરી છે કે જ્યાં સુધી સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં ન આવે ત્યાં સુધી રાત્રિના સમયે બિનજરૂરી બહાર નીકળવું નહીં અને સાવચેતી જાળવવા તાકીદ કરી છે.



નડિયાદ શહેરના પોશ વિસ્તારમાં દીપડો ક્યાંથી ઘુસ્યો ? તે અંગે શહેરભરમાં જાતભાતની ચર્ચાઓ ચાલી રહી છે. આ દીપડો કેનાલ માર્ગે અથવા હાઈવે માર્ગે અહીંયા સુધી ઘુસ્યો હોવાની ચર્ચા છે. આમ તો હાઈવે પર પણ ભારે ટ્રાફિક રહે છે, એટલે કેનાલ માર્ગે મહીસાગર તરફથી આવ્યાની ચર્ચાઓ ચાલી રહી છે. જો કે, આ અંગે કોઈ પણ ચોક્કસ વિગત સત્તાવાર રીતે મળી રહી નથી. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

### તંત્રની કામગીરી સામે સ્થાનિકોની રજૂઆત

દીપડો પકડાયો હોવા છતાં પીપલગના રહીશોમાં હજુ પણ ભય યથાવત જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનો દાવો છે કે આ વિસ્તારમાં અન્ય એક દીપડો પણ હોવાની પૂરી સંભાવના છે, જેના કારણે રાત્રિના સમયે ખેતરો કે ખુલ્લામાં જવું જોખમી બની શકે છે. વનવિભાગ સમક્ષ માંગ કરવામાં આવી છે કે આ વિસ્તારમાં વધારાના ટ્રેપ કેમેરા મુકવામાં આવે અને જો જરૂર જણાય તો વધુ પાંજરા ગોઠવીને ખાતરી કરવામાં આવે કે હવે કોઈ જોખમ બાકી નથી.

### સુરક્ષા વ્યવસ્થા અને તકેદારીના પગલાં

પીપલગમાં જ્યાંથી દીપડો પકડાયો છે તેનાથી નજીકના અંતરે જ IPL ફેનપાર્કનું આયોજન કરવામાં આવ્યું હતું. મેચ જોવા માટે ઉમટેલા ક્રિકેટ પ્રેમીઓને જ્યારે આસપાસમાં જ દીપડો હોવાની શરૂઆતમાં જાણ જ નહોતી. બાદમાં લોકોને માલુમ પડ્યુ ત્યારે ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ પીપલગ રોડ પર પણ વિકેન્ડમાં લોકોનો ઘસારો રહે છે. ત્યારે ભીડભાડવાળા વિસ્તારની આટલી નજીક હિંસક પ્રાણીની હાજરીથી પોલીસ અને વનવિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા. આયોજન સ્થળની સુરક્ષાની સમીક્ષા કરી આસપાસના તમામ માર્ગો પર તંત્ર દ્વારા પેટ્રોલીંગ તેજ કરી દેવામાં આવ્યું હતું. વનવિભાગની સતર્કતાને કારણે ફેનપાર્કમાં આવેલી મોટી જનમેદની પર તોળાઈ રહેલું જોખમ ટળી ગયું હતું.

## આણંદમાં IPL મેચ પર સટ્ટો રમતા બે શખ્સો ઝડપાયા

**પ્રતિબંધિત** એપ્સ અને વોટ્સએપ ગ્રુપ્સના નેટવર્કનો પર્દાફાશ

(પ્રતિનિધિ) આણંદ તા.12

આણંદ શહેરમાં આઈપીએલ ક્રિકેટ મેચો પર ઓનલાઈન સટ્ટો રમાડતા અને રમતા બે શખ્સોને એસ.ઓ.જી. પોલીસ અને એલ.સી.બી.ની ટીમે અલગ-અલગ દરોડામાં રંગેહાથ ઝડપી પાડ્યા છે.

આણંદ એસઓજીની ટીમે એ.વી. રોડ પર કલ્યાણ જ્વેલર્સ પાસેના રઘુકુલ કોમ્પ્લેક્ષના પાર્કિંગમાંથી મિહીર રાજેશભાઈ ભાટીયાને ઝડપી લીધો હતો. તેના મોબાઈલમાં પ્રતિબંધિત 'bliss247.co/home' નામની એપ્લિકેશન ખુલ્લી હતી, જેમાં તે પંજાબ કિંગ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચેની મેચ પર હાર-જીતનો જુગાર રમી રહ્યો હતો. તેના ઓનલાઈન આઈડીમાં રૂ. 46,394 નું બેલેન્સ જોવા મળ્યું હતું. પોલીસે તેની પાસેથી મોબાઈલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ એલસીબીની ટીમે ગંજ બજાર વ્યાયામશાળા રોડ પરથી જગદીશ હરમાનભાઈ ઝાલાને દિલ્હી કેપિટલ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચેની મેચ પર સટ્ટો રમતા ઝડપ્યો હતો . તેના મોબાઈલમાંથી 'Dream 11' અને 'All Match Price' નામના વોટ્સએપ ગ્રુપ્સ મળી આવ્યા હતા, જેમાં સટ્ટાના સોદા અને રેટના મેસેજ આવતા હતા. આ નેટવર્ક ચલાવનાર ગ્રુપ એડમિન્સ યોગેશ ગોહિલ અને સીપી રિયાંસના નામો ખુલ્યા છે, જેમને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે આ દરોડામાં રોકડ અને મોબાઈલ મળી કુલ રૂ. 6,500 નો મુદ્દામાલ જપ્ત કરી બંને આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ તેજ કરી છે.

**આણંદ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં શામ , દામ , દંડ , ભેદની નીતિ અખત્યાર કરાશે**

# આણંદમાં હરિફ ઉમેદવારોને હટાવવા કાવાદાવા શરૂ થયાં

**પાલિકા,** પંચાયતમાં તડજોડની નીતિથી કોંગ્રેસમાં ચિંતાનો માહોલ

(પ્રતિનિધિ) આણંદ તા.12

આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઇ રાજકીય ગરમાવો આવ્યો છે. ખાસ કરીને હરિફ ઉમેદવારોને પોતાના તરફી કરવા માટે શનિવાર રાતથી જ સમજાવવાનું શરૂ થઇ ગયુ છે. જોકે, ફોર્મ ચકાસણી અને ફોર્મ પરત ખેંચવા આડે બે દિવસ બાકી છે, ત્યારે અનેક બેઠક પર શામ, દામ, દંડ, ભેદની નીતિથી ચિત્ર પલટાય તેવી શક્યતા જોવા મળી રહી છે.

કરમસદ - આણંદ મનપા, આણંદ જિલ્લા પંચાયત ઉપરાંત 8 તાલુકા પંચાયત અને 6 નગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાનારી છે. ઓબીસી અનામત બાદ પ્રથમ વખત આ ચૂંટણી યોજાઇ રહી છે. જેના કારણે રાજકીય ટેમ્પો બરોબર જામ્યો છે. ખાસ કરીને ભાજપ અને કોંગ્રેસે છેલ્લે સુધી ઉમેદવારોના નામો જાહેર કર્યાં નહતાં. છેલ્લી ઘડીએ જાહેર કરેલા નામોના પગલે અંતિમ દિવસે ફોર્મ ભરવામાં ધસારો જોવા મળ્યો હતો. જોકે, આ ધસારામાં અપક્ષ ઉમેદવારો પણ પાછળ રહ્યાં નહતાં.

આણંદમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે, ફોર્મ ભરાઇ ચુક્યો છે. જેની ચકાસણી અને પરત ખેંચવા માટે હજુ બે દિવસ છે. આ બે દિવસ દરમિયાન વધુમાં વધુ બેઠક બિનહરિફ થાય તે માટે તડજોડની નીતિ શરૂ કરી દેવામાં આવી છે. ખાસ કરીને નગરપાલિકા અને પંચાયતમાં અપક્ષ સહિતના ઉમેદવારો ફોર્મ પરત ખેંચે તે માટે તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યાં છે. આ પ્રયત્નો કેટલા સફળ થાય છે ? તે બે દિવસમાં ખ્યાલ આવશે.

### સોજીત્રા - પેટલાદમાં ભાજપનો વિજયધ્વજ લહેરાવાનું શરૂ

સોજીત્રા વિધાનસભાની પીપળાવ, વરસડા પંચાયત બેઠકો અને સોજીત્રા નગરપાલિકાના વોર્ડ-4ની 3 બેઠકો બિનહરીફ થઈ છે. પેટલાદ નગરપાલિકામાં પણ ભાજપનો દબદબો જોવા મળ્યો છે, જ્યાં કુલ 36 પૈકી 7 બેઠકો પર ઉમેદવારો બિનહરીફ વિજેતા બન્યા છે. આ વિજેતાઓમાં જય પટેલ, ભાવિન પટેલ અને કાજલ પટેલ સહિત વોર્ડ નં. 3 અને 6ના કુલ સાત સભ્યોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પેટલાદ તાલુકા પંચાયતની બોરિયા બેઠકના સુશિલાબહેન કૌશિકભાઈ ઠાકોર બિનહરીફ થયાં છે.

## કારના 'ચોર ખાના'માંથી 4 લાખનો દારૂ ઝડપાયો

**ચૂંટણી અન્વયે** હાઈવે પર ચેકિંગ દરમિયાન રાજસ્થાનના બે શખ્સો પકડાયાં

(પ્રતિનિધિ) કપડવંજ તા.12

કપડવંજમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ખેડા જિલ્લા પોલીસ અધિક્ષક વિજય પટેલની સૂચનાથી પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ રોકવા માટે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત કપડવંજ રૂરલ પોલીસે મોડાસા-નડીયાદ હાઈવે પરથી વિદેશી દારૂના મોટા જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડી કામગીરી કરી છે.

કપડવંજ રૂરલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.કે. પટેલને મળેલી ચોક્કસ બાતમીના આધારે એક રેનોલ્ટ ડસ્ટર ગાડી (નંબર RJ 45 CF 8099) ને અટકાવવામાં આવી હતી. આ ગાડીમાં તપાસ કરતા દારૂ છુપાવવા માટે ખાસ બનાવેલા 'ચોર ખાના' મળી આવ્યા હતા. જેમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ 92 બોટલ અને 38 કોટર મળી આવ્યા હતા. કપડવંજ ગ્રામ્ય પોલીસે કાર્યવાહી દરમિયાન રૂ. 4,03,720ની કિંમતનો દારૂ, રૂ. 3.50 લાખની ગાડી, બે મોબાઈલ ફોન અને રોકડ રકમ મળીને કુલ રૂ. 7,65,250નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ મામલે પોલીસે રાજેન્દ્રકુમાર સોહનલાલ ભાટ (રહે. પાલી) અને બાબુલાલ પ્યારચંદ ખારોલ (રહે. ઉદેપુર) ની ધરપકડ કરી છે. જ્યારે દારૂનો જથ્થો ભરી આપનાર તુલસીરામ મેવાડા (રહે. રાજસમંદ, રાજસ્થાન) ને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

**મહીસાગરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં રાજકીય ગરમાવો**

# મહિસાગરમાં અંતિમ દિવસે ફોર્મ ભરવા મહેરામણ ઉમટ્યો

**ભાજપ-કોંગ્રેસ** સાથે 'આપ'ના મેદાનમાં આવતા ત્રિકોણીયા જંગના એંધાણ

### મહિસાગર જિલ્લામાં કુલ 764 દાવેદારી નોંધાઇ

- **મહિસાગર જિલ્લા પંચાયત:** 28 બેઠકો માટે 123 ફોર્મ ભરાયા.
- **તાલુકા પંચાયત:** 150 બેઠકો માટે 637 ફોર્મ ભરાયા જેમાં કડાણા ( 118 ) અને સંતરામપુર ( 112 ) મોખરે છે.
- **લુણાવાડા પાલિકા :** વોર્ડ નંબર 5ની પેટાચૂંટણી માટે 4 ઉમેદવારો મેદાનમાં છે.

(પ્રતિનિધિ) લુણાવાડા તા.12

મહીસાગર જિલ્લામાં ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે ઉમેદવારોનો અભૂતપૂર્વ ધસારો જોવા મળ્યો હતો. ખાસ કરીને ભારતીય જનતા પાર્ટી દ્વારા ગત મોડી સાંજે ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવતા, આજે ભાજપના ઉમેદવારો મોટી સંખ્યામાં સમર્થકો અને વિજયના વિશ્વાસ સાથે ફોર્મ ભરવા ઉમટી પડ્યા હતા, જેના કારણે વહીવટી તંત્ર અને ચૂંટણી કચેરીઓ છલકાઈ ગઈ હતી.

મહિસાગર જિલ્લામાં આ વખતની ચૂંટણીમાં પરંપરાગત હરીફ એવા ભાજપ અને કોંગ્રેસની સાથે આમ આદમી પાર્ટીએ પણ પૂરી તાકાતથી ચૂંટણી જંગમાં ઝુકાવ્યું છે. જેના કારણે અનેક બેઠકો પર રસાકસીભર્યા ત્રિકોણીયા જંગની સ્થિતિ સર્જાઈ રહી છે. આ ઉપરાંત અન્ય નાના પક્ષો અને અપક્ષ ઉમેદવારોએ પણ મેદાનમાં ઝંપલાવતા રાજકીય ગણિતો વધુ જટિલ અને રસપ્રદ બન્યા છે.

કુલ ભરાયેલા 764 ફોર્મમાંથી 580 ફોર્મ તો માત્ર અંતિમ દિવસે જ ભરાયા છે, જે ચૂંટણી પ્રત્યેનો ભારે ઉત્સાહ દર્શાવે છે. આગામી 13મી એપ્રિલના રોજ ફોર્મની ચકાસણી થશે અને 15મી એપ્રિલે ફોર્મ ખેંચવાની અંતિમ મુદત બાદ જંગનું વાસ્તવિક ચિત્ર સ્પષ્ટ થશે. ઉનાળાની આકરી ગરમીની સાથે હવે રાજકીય માહોલ પણ ગરમાશે તે નક્કી છે.

### આણંદમાં કારમાં આગ લાગતા ભાગદોડ



આણંદ શહેરમાં બેન્ક ઓફ બરોડાની સામે ગાડી નંબર GJ-23-M-7544 માં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટનાની જાણ થતા ફાયર ઓફિસરની સૂચનાથી ફાયર બ્રિગેડની ટીમ મીની ફાઈટર સાથે તુરંત પહોંચી હતી. મહેન્દ્રસિંહ રાઠોડ અને ટીમે તાત્કાલિક પાણીનો મારો ચલાવી વિજયકુમાર રાવલની કારમાં લાગેલી આગ બુઝાવી હતી. આ આકસ્મિક આગની સમગ્ર ઘટનામાં સદનસીબે કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.

## પીજ ગામના મહિલા પૂજારી સાથે 21.44 લાખની છેતરપિંડી આચરી

**આશ્રમમાં 40 રૂમની** લાલચ આપી ત્રણ શખ્સોએ વિશ્વાસ કર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.12

વસો તાલુકાના પીજ ગામની સીમમાં આવેલા 'અલખનો ઓટલો' આશ્રમના મહિલા પૂજારી સાથે આયોજનબદ્ધ રીતે 21.44 લાખની ઠગાઈનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

આશ્રમમાં 40 ઓરડીઓ બનાવી આપવાનું સપનું બતાવી ત્રણ શખ્સોએ મહિલા પૂજારી પાસેથી રોકડ, સોનાની ચેન, કિંમતી મોબાઈલ અને ગાડીઓના ભાડા પેટે લાખોની મતા પડાવી લીધી હતી. આશરે ચાર મહિના અગાઉ ભરત ભવાન ભરવાડ, કૃપાલસિંહ ગોહિલ અને ભરત ભારતી નામના શખ્સો આશ્રમમાં ભાડાનું મકાન શોધવા આવ્યા હતા અને વિશ્વાસ કેળવવા ત્યાં જ આશરો લીધો હતો. ભરત ભરવાડે ડભાણ પાસે પ્લાન્ટ નાખવા માટે નાણાંની જરૂર હોવાનું જણાવી લાલચ આપી હતી કે, તે આશ્રમમાં 80 લાખના ખર્ચે 40 ઓરડીઓ બનાવી આપશે. આ લાલચમાં આવી પૂજારી ગંગાબેને દાગીના ગીરો મૂકી 15.31 લાખની લોન લીધી હતી અને તે રકમ આરોપીઓને ચૂકવી હતી.આ અંગે વસો પોલીસે ગુનો નોંધ્યો હતો.

### ગાડીનું 3 .20 લાખનું ભાડું ઓહિયા કરી ગયા

કૃપાલસિંહ ગોહિલે ગંગાબેનની 2 ગાડી ગાંધીનગરની કંપનીમાં ભાડે મૂકવાના બહાને રૂ.3.20 લાખનું ભાડું ચૂકવ્યું નહોતું. એટલું જ નહીં, ગાડીની અસલ ચાવી અને આરસી બુક પણ પોતાની પાસે રાખી લઈને વિશ્વાસઘાત કર્યો હતો. ભરત ભરવાડ પૂજા સમયે જોવાની લાલચે રૂ.1.89 લાખનો મોબાઈલ લઈ ગયો હતો. આ ઉપરાંત, ઘરે પ્રસંગ હોવાનું બહાનું ધરી રૂ.1.35 લાખની કિંમતની એક તોલાની સોનાની ચેન પણ પહેરવા માટે લઈ જઈ પરત આપી નહોતી.

### ખૂન કરવાની - આશ્રમ સળગાવવાની ધમકી

જ્યારે ગંગાબેને નાણાંની ઉઘરાણી કરી, ત્યારે ભરત ભરવાડે પોતે અગાઉ ખૂન કરેલા હોવાનું કહી આશ્રમ સળગાવી દેવાની ધમકી આપી હતી. તેની પત્ની વિલાસબેને પણ સોશિયલ મીડિયામાં ફોટા-વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી.

# અપ્રુજી પાસે અકસ્માતમાં ઘાયલ 3 વ્યક્તિના રોકડ - મોબાઇલ પરત કર્યાં

**108ની ટીમે** જીવ બચાવવાની સાથે પ્રમાણિકતા પણ જાળવી માનવતા મહેકાવી

(પ્રતિનિધિ) કપડવંજ તા.12

અપ્રુજી પાસે વાત્રક નદીના પુલ પર ટ્રક અકસ્માતમાં ફસાયેલા ત્રણ દર્દીઓને સમયસર સારવાર આપી હોસ્પિટલ ખસેડાયા હતાં. 108 ઈમરજન્સી સેવા માત્ર સમયસર સારવાર આપીને જીવ બચાવવાનું જ કાર્ય નથી કરતી, પરંતુ કટોકટીની પળોમાં પણ તેમની નૈતિકતા અને પ્રમાણિકતા અકબંધ રહે છે, તેવો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અપ્રુજી પાસે વાત્રક નદીના પુલ પર સર્જાયેલા અકસ્માતમાં 108ની ટીમે ઘાયલોની સેવા કરવાની સાથે તેમની કિંમતી ચીજવસ્તુઓ પરત કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, અપ્રુજી સ્થિત વાત્રક નદીના પુલ પર એક ટ્રક બેરિયરમાં અથડાવાને કારણે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ટ્રકમાં સવાર ત્રણ વ્યક્તિઓ ફસાઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતા જ 108 ઈમરજન્સી સેવાના પાઈલટ મહેન્દ્રસિંહ સોલંકી અને ઈએમટી કેસરીસિંહ ઝાલાની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ટીમે સમય સૂચકતા વાપરી એમ્બ્યુલન્સમાં ઉપલબ્ધ સાધનોની મદદથી ફસાયેલા દર્દીઓને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.

ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર પર હાજર ફિઝિશિયન ડોક્ટર પંકજના માર્ગદર્શન હેઠળ દર્દીઓને સ્થળ પર જ તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી. બાદમાં ત્રણેય ઘાયલ દર્દીઓને વધુ સારવાર અર્થે કપડવંજ સીએચસી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં.

આ સમગ્ર ઘટનામાં સૌથી પ્રશંસનીય બાબત એ રહી કે, સારવાર દરમિયાન દર્દીઓ પાસેથી 6310 રૂપિયાની રોકડ રકમ અને બે નંગ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આ અકસ્માતની અફરાતફરી વચ્ચે પણ 108ની ટીમે આ તમામ વસ્તુઓ હોસ્પિટલના સ્ટાફ નર્સ છાયાબેનને સુપરત કરી દીધી હતી. 108ની ટીમની આ પ્રામાણિકતા અને સેવાભાવની સ્થાનિકો અને હોસ્પિટલ સ્ટાફ દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી.

### નડિયાદમાં 108ના કર્મીએ બેભાન દર્દીના રોકડા રૂપિયા - મોબાઈલ પરત કર્યાં



નડિયાદ સંતરામ મંદિર પાસે એપીએમસી માર્કેટ નજીક અજાણ્યા વ્યક્તિ બેભાન થઈ જતાં 108 ઇમર્જન્સી સેવાના સ્ટાફ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક સારવાર આપી હતી. આ દર્દી પાસેથી મોબાઈલ અને રૂ.2400 રૂપિયા રોકડા મળી આવ્યા હતા. આથી, 108ના પાયલોટ સંજયભાઈ ડાભી અને ઇએમટી રાજેશભાઈ રાવળે આ તમામ કિંમતી સામાન સુરક્ષિત રાખ્યો હતો. આ રોકડ - મોબાઈલ ફરજ પરના પોલીસ કર્મી ઉર્મિલાબેનને જમા કરાવી પ્રામાણિકતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.


**ગુજરાતમિત્ર** તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

**મો. 99250 30225, મો. 99255 50225**